

## પેશાવરની આંતકી ઘટનાને લઈ મોડાસામાં ભાવિ શિક્ષકોએ શ્રદ્ધાંજલિ અર્પી

પાકિસ્તાનના પેશાવરમાં આર્મી શાળામાં ભારે રક્તપાત સર્જીને શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત ૧૪૦થી વધુને મોતને ઘાટ ઉતારી દેવાની ઘટનાને સખત શબ્દોમાં દુનિયાભરના લોકોએ વખોડી નાંખી છે. ત્યારે મોડાસા શહેરની લાટીવાળા ડી.એલ.એડ. કોલેજના તાલીમાર્થીઓએ પણ માર્યા ગયેલા તમામ નિર્દોષ બાળકોના માનમાં શ્રદ્ધાંજલિ અર્પતો કાર્યક્રમ યોજ્યો હતો. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં માર્યા ગયેલ બાળકોના આત્માને શાંતિ મળે અને આવી નરસંહાર ફરીથી ન થાય તે માટે તાલીમાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમમાં ડૉ. સંતોષ દેવકર મંડળના પ્રમુખ ડૉ. અરૂણ શાહ, પ્રો. અરવિંદભાઈ મોદી, રાજેશ પરમાર, પ્રો. વ્રજેશ પંડ્યા, ગીતાબેન, વિક્રમ અસારી વગેરે જોડાયા હતા.

## પેશાવરના આંતકી હૂમલામાં માર્યા ગયેલ મૃતકોને મહેસાણાની શાળામાં શ્રદ્ધાંજલિ અપાઈ

મહેસાણા, તા. ૧૭

પાકિસ્તાનના પેશાવરમાં આર્મી સ્કૂલ પર થયેલ આંતકવાદીઓના ઘાતકી હૂમલામાં માર્યા ગયેલા નિર્દોષ બાળકો, શિક્ષકો અને જવાનોના માનમાં ભારતની તમામ શાળાઓમાં મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવા વડાપ્રધાને અનુરોધ કર્યો હતો.જેના પગલે મહેસાણા જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મૃતક બાળકો માટે બે મિનિટનું મૌન પાળીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી હતી. બાદમાં ઉપસ્થિત સૌ કોઈએ પેશાવરમાં થયેલ આંતકી હૂમલાને સખત શબ્દોમાં વખોડી કાઢી આતંકવાદને નેસ્ત નાબુદ કરવા કડક કાર્યવાહી કરવાની માંગણી પણ કરી હતી.

# અરવલ્લી જિલ્લાના ખેડૂતોનો ભૂંડ અને નીલગાયથી પાક બચાવવા રાત્રી પહેરો

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોએ ખેતરમાં શીયાળાની ઋતુમાં ગ્રામ્ય વિસ્તારોમાં રોકડીયા પાક એવા બટાકા, તુવેર, એરંડા સહિતના પાક ઉઘાડવામાં આવ્યા છે. એક બાજુ મોંઘુ બિયારણ અને બીજી બાજુ ખેડૂતોને પોષણક્ષમ પાકોના ભાવ ન મળવાના કારણે પહેલેથી પરેશાની ભોગવી રહ્યો છે. જ્યારે બીજી બાજુ ખેડૂતોએ ઉગાડેલા પાકને ભૂંડ અને નિલગાયોના ટોળે ટોળા નિકંદન કાઢી નાખતા હોવાથી ભૂમિપુત્રો ત્રાહિમામ પોકારી ગયા છે.

અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ શિયાળાની સીજન પકાવવા માટે ખુબ જ તનતોડ મહેનત કરી રહ્યા છે.તેમજ ખૂબજ આકરી મજૂરી કરી પાક ઉગાડવામાં સફળતા મેળવી રહ્યા હોય ત્યારે મોડાસા તાલુકાના સીતપુર, પહાડપુર, દલીલપુર, સબલપુર, ચોપડાના ભૂમિપુત્રોએ રોકડીયા પાક ગણાતા અને ખૂબ જ ખર્ચાળ ખેતી અને મબલખ ઉત્પાદન મેળવી શકાય તે માટે બટાકાના પાકનું વાવેતર કર્યુ છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આ બધા ગામડાઓમાં ભૂંડના ટોળાઓ આજુબાજુના જંગલ વિસ્તારમાંથી ત્રાટકીને એક જ રાતની અંદર ૨ થી ૩ વિગા જમીનમાં ઉગાડેલ પાકનો સફાયો કરી દેતા હોવાના કારણે આ વિસ્તારના ખેડૂતોએ હાડ થીજવી દેતી કડકડતી ઠંડીમાં પણ ખેતરમાં ભૂંડના



ત્રાસ સામે ખેતીપાક બચાવવા માટે લાકડાની ચોકીઓ બનાવી આખી રાત જાગતા રહીને પાકને બચાવવા જાગતા જોવા મળી રહ્યા છે. જ્યારે ઘણા ખેડૂત પૂત્રોએ તુવેર અને મકાઈનું વાવેતર પણ મોટા પ્રમાણમાં કરેલ છે. આવા ખેડૂતપુત્રોને નિલગાયના ટોળેટોળા ખેતરમાં પ્રવેશી ઉભા રહેલા પાકને ખાઈ જઈને જંગમ નુકશાન પહોંચાડી રહ્યા છે. એક ખેડૂત અગ્રણીના જણાવ્યા અનુસાર શહેરોમાંથી ભૂંડો પકડીને ખેતરોની સીમમાં છોડી દેવાતા ભૂંડોના ટોળા ખેડૂતોને પકવેલી ખેતીનુ બારેમાસ નિકંદન કાઢી નાંખે છે. આ અંગે વન વિભાગ તેમજ તાલુકા અને જિલ્લા અધિકારીઓને ખેડૂતો દ્વારા વારંવાર રજુઆત કરાઈ છે. પરંતુ ખેડૂતોની વાત કાને ધરાતી ન હોઈ ખેડૂતો નિઃસહાય હાલતમાં ખેતીપાકને બચાવવા મથામણ કરી રહ્યા છે. જીતપુર ગામના ખેડૂત અગ્રણી કનુભાઈ પાટીલના જણાવ્યા અનુસાર જો ખેડૂત એકલદોકલ હાલતમાં ભૂંડોના ટોળાનો સામનો કરે તો ભૂંડાના ટોળાઓ વળતો હૂમલો કરી જીવલેણ ઘટનાઓ પણ બનતી હોવાથી ખેડૂતો જીવના જોખને પાકનું રક્ષણ કરી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા યોગ્ય ભાવ ન મળતાં ખેડૂતોના હાલ બેહાલ જોવા મળી રહ્યા છે.



## પ્રાંતિજ તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજની બેઠક યોજાઈ

પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષણ સમાજના સભ્યોની વાર્ષિક સામાન્ય બેઠક તાજેતરમાં સોમાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.આ વાર્ષિક સામાન્ય બેઠકમાં નિવૃત્ત તાલુકા પ્રાથમિક શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા, ૨૦૧૩-૧૪ ના વાર્ષિક હિસાબોનું વાંચન અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોનું સન્માન વગેરે જેવા કાર્યક્રમ યોજાયા હતા. ઉપરાંત નિવૃત્ત શિક્ષકોને બેંકીંગ ક્ષેત્રની જુદી જુદી સેવાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ઈન્દ્રસિંહ, રમણભાઈ, ખજાનચી વાડીલાલ મોદી, મધુભાઈ રાવલ, અરવિંદભાઈ પટેલ સહિત મંડળના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ઊંઝાના ઉનાવા ગામમાં સફાઈના અભાવે ઠેર ઠેર ગંદકીના ઢગલા : પ્રજાજનો પરેશાન

ઊંઝા, તા.૧૭

ઊંઝા તાલુકાના સૌથી મોટા ઉનાવા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા ઘણા સમયથી સફાઈ ન કરાતાં ગામમાં ઠેર ઠેર જગ્યાએ પારાવાર ગંદકીના ઢગ થઈ ગયા છે. કેટલીક જગ્યાએ ભારે ગંદકીના કારણે દુર્ગંધ ફેલાઈ રહી છે. છતાં પંચાયતના વહીવટકર્તાઓ કંઈ જ ધ્યાન આપતા નથી.

યાત્રાધામ ઉનાવા હાઈવે પર દરગાહ નજીક મોટું તળાવ છે જેમાં દરરોજ નજીકની હોટલો, દુકાનો તેમજ રહીશો દ્વારા કચરો અને ગંદકી ઠલવાય છે. જેથી તળાવનું પાણી સાવ ગંદુ બની ગયેલ છે. અને મચ્છરોનો ફેલાવો વધી ગયો છે. આ ઉપરાંત ગામમાં જૂના વોટર વર્કસ પાસે ઘણા વર્ષોથી પાણીના લીકેજની સમસ્યાના કારણે આ વિસ્તારમાં ગંદુ પાણી ભરાઈ રહે છે જેમાં પણ મચ્છરો વધી ગયા હોઈ આ સમસ્યા સામે લોકો ભારે ત્રાસ પોકારી ગયા છે.

બીજુ ગામની અંદર તેમજ હાઈવે વિસ્તારમાં ગેરકાયદે દબાણો અને બાંધકામો ખુબ વધી ગયા છે. ગેરકાયદે વધતા જતા દબાણોને લીધે જાહેર રસ્તાઓ સાવ સાંકડા બની ગયા છે. પરિણામે વાહનોની અવર જવરમાં મુશ્કેલી ઉભી થઈ છે. ગામમાં દરગાહ વિસ્તાર તેમજ અન્ય જાહેર માર્ગો, મહોલ્લાઓમાં ઠેર ઠેર દબાણોનો રાફડો ફાટયો છે. આ બાબતે વારંવાર ફરિયાદો કરવા છતાં પંચાયતના સત્તાધિશો દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે. આ ઉપરાંત ગામના કેટલાક વિસ્તારો હજી સુધી વિકાસના કામોથી વંચિત રહ્યા છે.

## પેશાવરમાં સ્કૂલ પરના ત્રાસવાદી હૂમલામાં જાન ગુમાવનારા નિર્દોષ બાળકોને શ્રદ્ધાંજલિ પાઠવતું રાજ્ય મંત્રીમંડળ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી રાજય મંત્રીમંડળની બેઠકે પાકિસ્તાનના પેશાવરમાં આર્મી પબ્લિક સ્કુલ પરની અમાનવીય ત્રાસવાદી હુમલાની ઘટનામાં જાન ગુમાવનારા નિર્દોષ ૧૪૫ બાળકોને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

રાજય મંત્રીમંડળે જે પરિવારોએ આ કમનસીબ ઘટનામાં પોતાના બાળકો ગૂમાવ્યા છે તેમને દિલસોજી પાઠવી સહાનુભૂતિની લાગણી વ્યકત કરતો શોકદર્શક ઠરાવ પસાર કર્યો હતો અને દુર્ઘટનામાં માર્યા ગયેલા નિર્દોષ બાળકોના આત્માની શાંતિ માટે બે મિનીટનું મૌન પાળ્યું હતું. રાજય મંત્રીમંડળની બેઠકમાં આ અમાનવીય ત્રાસવાદી ઘટનાને ડા આઘાત અને વ્યથા સાથે વખોડી કાઢવામાં આવી હતી.

# ઈન્વેસ્ટર્સ સમિટમાં એમ.ઓ.યુ. સાઈન કરવા અંગે સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રીના નિવાસસ્થાને આજે સાંજે મળેલી મંત્રીઓ સાથેની બેઠકમાં ઈન્વેસ્ટર્સ સમીટમાં એમ.ઓ.યુ. સાઈન કરવા અંગેની વિગતો મેળવીને સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આગમી ૧૧મી જાન્યુઆરી ૨૦૧૫થી ત્રણ દિવસ માટે વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ યોજાનાર છે. આ સમીટ દરમિયાન ગુજરાતમાં ઔદ્યોગિક મૂડી રોકાણ કરવા ઈચ્છુક રોકાણકારો સાથે રાજય સરકારના વિભાગો દ્વારા એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવનાર છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સાંજે મુખ્યમંત્રીના નિવાસ સ્થાને મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી જેમાં રાજય મંત્રી મંડળના મંત્રીઓ, વિભાગોના વડાઓ અને કેટલાક ઉદ્યોગકારો પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં કયા કયા વિભાગોને કયા કયા ઉદ્યોગકારો દ્વારા ગુજરાતમાં કયા ઉદ્યોગો સ્થાપવા માટે કેટલાના મૂડી રોકાણના એમ.ઓ.યુ. સાઈન કરવા માટેની દરખાસ્તો મળી છે તે અંગેની વિગતો મેળવીને ચર્ચા વિચારણા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં કયા કયા ક્ષેત્રમાં કયા કયા પ્રકારના ઉદ્યોગો સ્થાપવા માટેના એમ.ઓ.યુ. વિભાગોએ કરવા એ અંગે પણ એક યાદી તૈયાર કરવામાં આવશે અને આ માટે રોકાણકારો સાથે પરામર્શ કરીને જે ઉદ્યોગકારો ઉદ્યોગ સ્થાપવા માટે યોગ્ય હોય તે જે એમ.ઓ.યુ. સાઈન કરવા માટે વિચારણા કરવાનું નક્કી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. કારણ કે એમ.ઓ.યુ. સાઈન કર્યા બાદ કેટલા ઉદ્યોગો પાછી પાની કરતા હોય છે.

# ઊંઝાના ફળફળાદી બજારમાં જામફળનું આગમન

ઊંઝા, તા. ૧૭

શિયાળાના પ્રારંભ સાથે જ ઊંઝા તાલુકામાં ગરીબ અને મધ્યમ વર્ગીય જનતાનું પોતીકુ ફળ જામફળની આવકો વધવા માંડી છે. સસ્તા, સ્વાદિસ્ટ અને સરળતાથી મેળવી શકાય તેવા જામફળનો ગરીબથી માંડીને શ્રીમંતો સુધીના માણસો ખાવામાં વધુ ઉપયોગ કરે છે. નાની લારીઓથી માંડીને મોટી ફ્રૂટની દુકાનોમાં પણ આ ફળે પોતાના પગ જમાવી દીધા છે.

અત્રે મોટા ભાગે મહેસાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી જામફળ આવે છે. જામફળની સાથે હવે પાટણ અને સિદ્ધપુર પંથકમાંથી ગાજરની પણ આવક થવા લાગી છે. પાટણ જિલ્લામાં વર્ષોથી ગાજરનું ઉત્પાદન થાય છે. આ ગાજરની ગુજરાત, મહારાષ્ટ્ર અને આરબ દેશોમાં પણ નિકાશ થાય છે.

જામફળ અને ગાજર અન્ય ફળો જેવા કે, સફરજન, દાડમ, મોસંબી, સંતરા કરતા એકંદરે નીચા ભાવે મળે છે. જે સસ્તુ, સારૂ અને પૌષ્ટિક હોઈ લોકો તેનો વધુ પડતો ઉપયોગ કરતા જોવા મળે છે.

જામફળ ખાવામાં વધુ વપરાય છે. તેમજ શાક અને અથાણા બનાવવાના ઉપયોગમાં પણ આવે છે. ગરીબ વર્ગના લોકો માટે આ ફળ આશીર્વાદરૂપ છે. આ ફળો વર્ષોથી શાનથી ખવાય છે. બાલમંદિર શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો વિદ્યાર્થીઓ રીષેશ દરમ્યાન નાસ્તામાં જામફળ, ગાજરનો ઉપયોગ કરતા હોય છે. શ્રમજીવીઓ જુદી જુદી રસ્તાઓ, શાળા કોલેજો, શાકભાજી માર્કેટમાં જામફળ અને ગાજર વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે.

# સ્વચ્છતા અભિયાન સંદર્ભે મંત્રી મંડળની પેટા સમિતિની રચના

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે -ધાનમંત્રી સ્વચ્છતા અભિયાન સંદર્ભે રાજય મંત્રીમંડળના મંત્રીશ્રીઓની એક પેટા સમિતીની રચના કરી છે. શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને રચવામાં આવેલી આ પેટા સમિતીમાં મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા રાજયમંત્રીઓ શ્રી દિલીપકુમાર ઠાકોર અને છત્રસિંહ મોરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

## કોંગ્રેસના પરેશભાઈ વસાવા ભાજપમાં જોડાયા

પ્રદેશ મીડાયા સેલની યાદી જણાવે છે કે, નિઝર વિસ્તારના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય શ્રી પરેશભાઈ વસાવા કોંગ્રેસને રામ રામ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજાની ઉપસ્થિતિમાં પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે શ્રી પરેશભાઈ વસાવાનું ખેસ પહેરાવી ભાજપમાં સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે તાપી જિલ્લાના પ્રભારી શ્રી દિનેશભાઈ દાસા, તાપી જિલ્લા અધ્યક્ષ અને મંત્રીશ્રી કાંતિભાઈ ગામીત ઉપસ્થિત રહ્યા હતા.

## કોલેરાનો કેસ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્યતાઓને તંત્ર ચકાસી રહ્યું છે. ગાંધીનગર શહેરમાં એક તરફ વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ પૂરજોશમાં ચાલે છે ત્યાં કોલેરા પોઝીટીવનો કેસ મળતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. આ મહિલા દર્દીના પરિવારના કોઈ સભ્યને પણ અસર નહિ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળે છે.

## નવી રોનક

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્કનું કામ પૂર્ણ થઈ ગયું છે. સ્વર્ણિમ પાર્કની લોનને હરિયાળી બનાવવા તેમજ અવનવા પ્લાન્ટેશનને નિખારવા હાલ જરૂરી પાણી પણ સપ્લાય કરવામાં આવી રહ્યું છે. સ્વર્ણિમ પાર્કમાં વિવિધ પ્રકારના પ્લાઝા, ફૂડકોર્ટ, સીટીંગ અમ્બ્રેલા, બાળકો માટે રમતગમતના સાધનો ઉપરાંત ભવ્ય વૉટરબોડી પણ તૈયાર કરવામાં આવી છે. વૉટરબોડીમાં પણ રંગબેરંગી લાઈટીંગની સાથે ફૂવારાઓ પણ મુકવામાં આવ્યા છે. વાઈબ્રન્ટ પૂર્વે સ્વર્ણિમ પાર્કનું કામ પૂર્ણ કરી દેવાયા બાદ હવે પાર્કમાં વૉટરબોડી નિખારવા તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. વૉટરબોડીની લાઈટીંગ અને ફૂવારા શરૂ કરતા પૂર્વે જરૂરી ટ્રાયલ પણ ટુંકમાં લેવાશે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સ્વર્ણિમ પાર્કમાં રંગબેરંગી લાઈટો વચ્ચે ફૂવારાની રોનક જોવા મળશે. આ ઉપરાંત લોન પણ વધુ હરિયાળી બનશે. જ્યારે પાર્કમાં વિવિધ પ્રકારના રોપાઓમાં આકર્ષિત ફૂલો ખીલતા સ્વર્ણિમ પાર્ક વધુ નયનરમ્ય બનશે. નગરજનો અને સહેલાણીઓ માટે સ્વર્ણિમ પાર્ક આકર્ષણનું કેન્દ્ર બનશે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર ખાતે કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને અનુસુચિત જાતિ પેટા યોજના જિલ્લા અમલીકરણ સમિતિ અને જિલ્લા તકેદારી સમિતિની બેઠકો યોજાઈ હતી. બેઠકમાં સપ્ટેમ્બર-૨૦૧૪ અંતિત વિવિધ સદરો અન્વયે થયેલ કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. કલેકટરશ્રીએ વિવિધ સદરો અન્વયે થયેલ કામગીરીની સમીક્ષા કરતાં યોગ્ય લાભાર્થીઓને જરૂરી સહાય સરળતાથી મળે તે માટે અધિકારીઓને સુચના આપી હતી. તેમણે કહ્યું કે લક્ષ્યાંક મુજબ અને સમયમર્યાદામાં કામગીરી થાય તે માટે સંબંધીત અધિકારીઓએ કાળજીપૂર્વક -યાસો કરવા. બેઠકમાં ધારાસભ્યશ્રી કાન્તીભાઈ ખરાડી, જિ.પ.સામાજીક ન્યાય સમિતિના ચેરમેનશ્રી કાળુભાઈ આસેડીયા, સમિતિના સભ્યો સર્વશ્રી એન.ટી.રાઠોડ, શ્રી દૂધાભાઈ પરમાર, શ્રી હરચંદભાઈ પરમાર, શ્રી શારદાબેન રમેશભાઈ સેનમા, -ાંત અધિકારીશ્રી આર.આઈ.શેખ, ડી.વાય.એસ.પી.શ્રી નિનામા, તકેદારી અધિકારી શ્રી વી.એલ.જાદવ, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી એમ.કે.પરમાર,સમાજ કલ્યાણ અધિકારીશ્રી અર્જુનભાઈ પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચારુતર વિદ્યામંડળસંચાલિત આઈએએસ ઍકેડેમીમાં તાલીમાર્થીઓની નવી બૅચ જાન્યુઆરીથી શરૂ થશે

વલ્લભ વિદ્યાનગર, ૧૭

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)સંચાલિત સીવીએમ આઈએએસ ઍકેડેમીના ઉપક્રમે સંઘ લોક સેવા આયોગ (યુપીએસસી)ની સનદી સેવાઓમાં માટેના તાલીમી વર્ગની નવી બૅચ આગામી જાન્યુઆરી ૨૦૧૫થી શરૂ કરવામાં આવશે. આઈએએસ માટે તાલીમ અને માર્ગદર્શન મેળવવા ઈચ્છુકોની જાગૃતિ માટેનો 'નવોન્મેષ - ૨' કાર્યક્રમ આગામી ૨૩ ડિસેમ્બરે સીડીસી ભવન, વલ્લભ વિદ્યાનગર ખાતે સ્પીપાના આઈએએસ તાલીમ કેન્દ્રના નિવૃત્ત સંયુક્ત નિયામક અને ગુજરાત સરકારના નિવૃત્ત સંયુક્ત સચિવ શ્રી જે.એમ.આચાર્ય અને બીજા યુપીએસસીની પરીક્ષા પાસ કરી સનદી સેવામાં જોડાનારા અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ રહેશે. 'નવોન્મેષ - ૨'માં સહભાગી થવા ઈચ્છુક સ્નાતકોએ સીડીસી ભવન ખાતે આગોતરી નોંધણી કરાવી લેવા જણાવાયું.

સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અપેક્ષા વધુને વધુ સ્નાતકો આઈએએસ, આઈપીએસ અને જીએએસ કૅડરની સેવાઓમાં જોડાય તે માટે શક્ય તેટલી ઘનિષ્ઠ તાલીમ આપવાની રહે છે. એના આયોજનના ભાગરૂપે સીવીએમસંચાલિત એચ.એમ.પટેલ કેરિયર ડૅવલપમેન્ટ સૅન્ટર (સીડીસી)ના ભવનમાં તમામ માળખાકીય સુવિધાઓ ઉપરાંત અત્યાધુનિક ઈન્ટરનેટ અને ગ્રંથાલય તેમ જ વિષયતજજ્ઞોના માર્ગદર્શનમાં યુપીએસસીની પ્રીલિમ્સ પરીક્ષા યોજાય ત્યાં લગી તાલીમ વર્ગોમાં વિષયતજજ્ઞો ઉપરાંત નિવૃત્ત તેમ જ સેવારત આઈએએસ, આઈપીએસ અને ગેસ કૅડરના અધિકારીઓનું માર્ગદર્શન મળે તેવો ઉપરોક્ત તાલીમ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હોવાનું સીડીસી અને આઈએએસ એકેડેમીના નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું. આઈએસ એકેડેમીમાં તાલીમ અને માર્ગદર્શન માટેની નવી બૅચમાં સીમિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોઈ વહેલો તે પહેલોને ધોરણે અને પ્રવેશ પરીક્ષા પાસ કરનાર સનદી સેવામાં જોડાવા ઈચ્છુકો એવા નિયમિત હાજરી આપનારાઓને પ્રવેશ અપાશે એવું પણ તેમણે જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦